For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**શ્યામ સંગિની બાદ સાલાસર માર્કેટની આગે ફાયર સેફ્ટી ઓફિસરોની ખોલી પોલ**

# કાગળ પર ફાયર સેફ્ટી ‘OK’, પણ આગ લાગે ત્યારે ‘FAIL’

**સરકારની** FSO સિસ્ટમથી સ્થાનિક ફાયર વિભાગના હાથ બંધાયા

**શહેરના** માર્કેટ્સ-કોમ્પ્લેક્સમાં સ્થળ તપાસ વિના જ રિન્યુઅલનો સવાલ

**‘ટેબલ** નીચેના વહીવટ’ની ફરિયાદોની તપાસ જરૂરી

સુરતઃ સુરત જેવા સતત વિસ્તરતા અને વૈશ્વિક ટેક્સટાઈલ હબ તરીકે ઓળખાતા શહેરમાં ફાયર સેફ્ટી હવે માત્ર કાગળ પરની ‘એનઓસી’ પૂરતી સીમિત રહી ગઈ છે કે શું? તેવો સળગતો સવાલ ફરી એકવાર શહેરભરમાં ચર્ચાનો વિષય બન્યો છે. રાજ્ય સરકારે ફાયર સેફ્ટી સર્ટિફિકેટના રિન્યુઅલ અને નિરીક્ષણ માટે તાલીમબદ્ધ અને નોંધાયેલા આશરે ૨૦૦ જેટલા ખાનગી ફાયર સેફ્ટી ઓફિસરોની વિશેષ વ્યવસ્થા ઊભી કરી છે. આ FSOને નિર્ધારિત કેટેગરીની ઈમારતો માટે એનઓસી



રિન્યુ કરવાની સીધી સત્તાઓ આપવામાં આવી છે. પરંતુ આ નવી વ્યવસ્થા ઊભી થયા બાદ સ્થાનિક ફાયર વિભાગની ભૂમિકા અને સત્તા કેટલી રહી છે તે અંગે હવે સવાલો ઊઠી રહ્યા છે. સરકારી દસ્તાવેજોમાં ભલે

...અનુસંધાન પાના ૭ પર

### સ્થળ મુલાકાત વિના જ રિન્યુઅલ અને બેદરકારીનો મોટો ખેલ

ફાયર સેફ્ટી ઓફિસરો દ્વારા ઈમારતોની પ્રત્યક્ષ સ્થળ મુલાકાત (Physical Inspection) કર્યા વિના અથવા નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન થતું હોવા છતાં કાગળ પર જ એનઓસી રિન્યુ કરી આપવામાં આવે છે. તાજેતરમાં સારોલી વિસ્તારની શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટમાં લાગેલી

...અનુસંધાન પાના ૭ પર

### રાજ્યભરમાં NOC આપવાની છૂટ, FSOની વિશ્વસનીયતા સામે શંકાનાં વાદળો

**સ્થળ તપાસ વિના જ મંજૂરીઃ** એક શહેરમાં બેઠેલો FSO બીજા દૂરના શહેરમાં આવેલી કમર્શિયલ માર્કેટની સ્થળ મુલાકાત લીધા વગર જ ઓનલાઈન કે સેટિંગ કરીને એનઓસી રિન્યુ કરી આપે છે, જેથી તેમની વિશ્વસનીયતા પર મોટા શંકાના વાદળો ઘેરાયા છે.



**મેન્ટેનન્સનો અભાવઃ** ઈમારતમાં ફાયર સેફ્ટીના નિયમોની અમલવારી થઈ છે કે નહીં? અને જો થઈ હોય તો સમયાંતરે તે સાધનો મેઇન્ટેઇન (ચાલુ હાલતમાં) રહે છે કે નહીં? તેની તપાસ કરવાની કોઈ જ ચોક્કસ તંત્ર પાસે વ્યવસ્થા નથી.
સરકારની ઢીલી નીતિ અને ઉલ્લંઘન પામતા મુખ્ય નિયમો

### મુખ્યત્વે નીચે મુજબના નિયમોનો ભંગ થવા છતાં એનઓસી આપી દેવાય છે

- **હાઇડ્રન્ટ અને સ્પ્રિંકલર સિસ્ટમઃ** મોટે ભાગે સિસ્ટમમાં પાણીનું જરૂરી પ્રેશર હોતું નથી અથવા પંપ બંધ હાલતમાં હોય છે.
- **પેસેજ અને ફાયર એક્ઝિટ પર કબ્જાઃ** નેશનલ બિલ્ડિંગ કોડ (NBC) મુજબ રસ્તા ખુલ્લા હોવા જોઈએ, પરંતુ માર્કેટોની ગેલેરીઓ અને સીડીઓમાં સામાનનો ગેરકાયદેસર કબ્જો હોય છે.
- **ઇલેક્ટ્રિક ડક્ટ અને વેન્ટિલેશનઃ** શોર્ટ સર્કિટ રોકવા માટે ઇલેક્ટ્રિક ડક્ટ સીલ કરવામાં આવતા નથી અને અંદર હવાની અવરજવર ન હોવાથી આગ વખતે ધુમાડો ભરાઈ જાય છે.

# ઝાડ સાથે અથડાતા કારનો ખુરદો બોલી ગયો, ૩નાં મોત

**ઉમરગામના** પાંચ મિત્રો ભીલાડ હોટલમાં જમીને પરત જતા હતા ત્યારે અકસ્માત થયો

**ભીલાડ** સંજાણ વચ્ચે તુંબ ધીમસા માર્ગ પર બેકાબૂ કાર ઝાડ સાથે અથડાઈ, ૨ ગંભીર


(તસવીર : ઉમેશ સોલંકી)

ઉમરગામ : ભીલાડ સંજાણ વચ્ચે તુંબ ધીમસા માર્ગ ઉપર કાળજુ કંપાવી દેનાર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પુરફાટ ઝડપે દોડતી એક સ્વીફ્ટ કાર ધડાકાભેર ઝાડ સાથે અથડાતા કારમાં સવાર ત્રણ યુવાનોના ઘટના સ્થળે જ કરુણ મોત નીપજવા પામ્યા હતા. અને બે જણા ગંભીર રીતે ઘાયલ થયા હતા. કારમાં સવાર પાચેય મિત્રો ભીલાડમાં એક હોટલમાં જમીને ઘરે પરત આવતા હતા ત્યારે ઘટના બની હતી. ઉમરગામમા રહેતા મિત્રો બાલારામ ઉર્ફે કિશન ભંવરલાલ

...અનુસંધાન પાના ૭ પર

### કારમાં ફસાયેલાને ક્રેન અને કટરથી બહાર કાઢવા પડ્યા

અકસ્માત એટલો ગંભીર હતો કે કારમાં ફસાયેલા તમામને ક્રેન અને કટરની મદદથી બહાર કાઢવા પડ્યા હતા. બાલારામ ઉર્ફે કિશન તથા અર્જુન રીક્ષા ચલાવે છે જ્યારે અન્ય ત્રણ મિત્રો વેપાર તથા ખાનગી નોકરી કરતા હતા. આ અકસ્માતની ઘટનાને પગલે પરિવારજનોમાં મિત્રોમાં દુઃખની લાગણી પ્રસરી જવા આપી હતી. બનાવ અંગે વધુ તપાસ ઉમરગામ પોલીસે હાથ ધરી છે.






# સુરતવાસીએ મુંબઈમાં 6 કલાક લાઈનમાં ઊભા રહીને પ્રથમ બે આઈફોન 18 ખરીદ્યા

**સુરતથી** રાત્રે 10 વાગ્યે નીકળીને 5થી 6 કલાકનું ટ્રાવેલિંગ કરીને તે મુંબઈમાં એપલ સ્ટોર પર પહોંચ્યો

**એપલ** સ્ટોર પર પણ રાતથી જ 6 કલાક લાઈનમાં ઊભા રહીને બે ફોનની ખરીદી કરી



સુરતઃ આઈફોનનો ક્રેઝ એવો હોય છે કે જ્યારે પણ આઈફોનનું નવું વર્ઝન લોન્ચ થાય છે ત્યારે લોકો તેને લેવા માટે પડાપડી કરે છે. આજે જ્યારે આઈફોન 18 લોન્ચ થયો તો મુંબઈ, બીકેસીમાં આવેલા એપલ સ્ટોરમાં તેને લેનાર પ્રથમ વ્યક્તિ સુરતનો હતો. સુરતના આ વ્યક્તિએ આઈફોન 18 પ્રો અને પ્રો-મેક્સ, એમ બે ફોન ખરીદ્યા હતા.

દેશની ટીવી ચેનલોને આપેલા ઈન્ટરવ્યુમાં આ સુરતવાસીએ

...અનુસંધાન પાના ૭ પર

# કોર્ટ સંકુલમાં એફટીસી બિલ્ડિંગ નીચે કોન્ડમ મળતાં વકીલઆલમમાં ચર્ચા



**મેટલ** ડિટેક્ટર પાસે જ બનેલી ઘટનાને પગલે વકીલો એકઠા થઈ ગયા

સુરતઃ સુરતના કોર્ટ સંકુલમાં શુક્રવારે એક વિચિત્ર ઘટનાએ વકીલોમાં ભારે ચર્ચા જગાવી હતી. એફટીસી બિલ્ડિંગ નીચે મેટલ ડિટેક્ટર પાસે એક વકીલના ટેબલની નજીક કોન્ડમ મળી આવતાં શરૂઆતમાં ત્યાં હાજર વકીલોનું ધ્યાન દોરાયું હતું. ઘટનાની વાત ધીમે ધીમે સમગ્ર કોર્ટ સંકુલમાં પ્રસરી જતાં કેટલાક વકીલો સ્થળ પર જોવા માટે પહોંચ્યા હતા.

ઘટનાની જાણ થતાં સુરત જિલ્લા વકીલ મંડળના પદાધિકારીઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા. જોકે, કોન્ડમ ત્યાં કેવી રીતે પહોંચ્યું અને કોણ તેને ત્યાં મૂકી ગયું તે અંગે વકીલોમાં ચર્ચા વ્યાપક બની હતી. દરમિયાન, કોર્ટ સંકુલની સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ વકીલોમાં ચર્ચા શરૂ થઈ હતી. મોડી સાંજ બાદ કોર્ટ સંકુલમાં કોઈ અવરજવર નહીં થતી હોવાથી તે લગભગ સુમસામ બની જાય છે. આવા સમયે કોઈ અંદર પ્રવેશ્યું

...અનુસંધાન પાના ૭ પર

**બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



આપનું વાત્સલ્ય અમારા પ્રાણ છે,
આપનો સંસ્કાર વારસો,
પ્રેમ અમારા માટે પ્રેરણાદાયક રહેશે.
આપની ધાર્મિક ભાવના અમારો આદર્શ છે.
આપના આશીર્વાદ અમારી શકિત છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રભુ પ્રાર્થના.

સ્વ.પરાગભાઈ ગુલાબભાઈ પટેલ
સ્વ.તા. ૧૯/૦૯/૨૦૨૪

શોકાતુર: રાજેશભાઈ પરાગભાઈ પટેલ તથા સમસ્ત પરિવાર

સ્થળ: ગામ: બરબોધન, તા. ઓલપાડ, જિ.સુરત

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः॥



## અ.નિ. નાગજીભાઈ લાલજીભાઈ ધોળકિયા

(ગામ: દુધાળા - લાઠી)

જન્મ. તા. 01-04-1942 | અ. નિ. તા. 17-09-2026

॥ શ્રીજી ॥

## ॥ પ્રાર્થના સભા ॥

નિડરતા, સ્વાભિમાન, સાદગી અને અવિરત પરિશ્રમને જીવનનો આધાર બનાવી, માટી, માતૃભૂમિ અને દૂધાળા સાથે નાતો જાળવનાર અમારા વડીલ, પૂજ્ય પિતાશ્રી **નાગજીભાઈ લાલજીભાઈ ધોળકીયા** તા. 17-09-2026 ના રોજ અક્ષરવાસ પામ્યા છે.
તેમની વિદાયથી સર્જાયેલી ખાલી જગ્યા ક્યારેય કોઈ ભરી શકશે નહીં.
પરિવારના વડલાની છત્રછાયા ગુમાવવી અવિશ્વસનીય લાગે છે.
તેમનું માર્ગદર્શન, જીવનમૂલ્યો, ભક્તિ અને સત્સંગની સુવાસ હંમેશા અમારા હૃદયમાં જીવંત રહેશે.
પરમાત્મા તેમના દિવ્ય આત્માને પોતાના શ્રીચરણોમાં સ્થાન અર્પે એ જ શ્રદ્ધાંજલિ.

**-: સદ્‌ગતની પ્રાર્થના સભા :-**

**તા. 19-09-2026, શનીવારના રોજ રાત્રે 8:00 થી 10:00 કલાકે રાખેલ છે.**
**સ્થળ: "એપ્રિકોટ ડોમ" લામેન્સાની બાજુમાં, રામકથા રોડ, કતારગામ, સુરત.**

**નોંધ: મુંબઈ ખાતે યોજાનાર પ્રાર્થના સભાની તારીખ અને સ્થળની જાણ પાછળથી કરીશું.**

લિ.

**સમસ્ત ધોળકિયા પરિવાર**

| | | |
|---|---|---|
| ગોવિંદભાઈ લાલજીભાઈ ધોળકિયા | રાકેશભાઈ નાગજીભાઈ ધોળકિયા | રાહુલભાઈ નાગજીભાઈ ધોળકિયા |
| અરજણભાઈ લાલજીભાઈ ધોળકિયા | દિનેશભાઈ ભીમજીભાઈ ધોળકિયા | વિષ્ણુભાઈ ભીમજીભાઈ ધોળકિયા |
| પ્રભુભાઈ પરબતભાઈ ધોળકિયા | ઈશ્વરભાઈ અરજણભાઈ ધોળકિયા | અક્ષયભાઈ અરજણભાઈ ધોળકિયા |
| શ્રેયાંસભાઈ ગોવિંદભાઈ ધોળકિયા | દર્શિલભાઈ રાકેશભાઈ ધોળકિયા | ધ્રુવલભાઈ રાહુલભાઈ ધોળકિયા |
| શાંતુબેન વશરામભાઈ નારોલા | તેજ રાહુલભાઈ ધોળકિયા | વસંતબેન કનૈયાલાલ નારોલા |
| દેવકુંવરબેન જેરામભાઈ ખોખરીયા | ક્રિશ રાકેશભાઈ ધોળકિયા | ઈન્દુબેન સંજયકુમાર સેલિયા |

**શ્વસુર પક્ષ**

ખોખરીયા પરિવારના જય શ્રી સ્વામિનારાયણ (સંયુક્ત બેસણું રાખેલ છે.)

SRK SUNDAY

**શ્રી રામકૃષ્ણ પરિવાર**

SRKAY CONSULTING GROUP | GOLDI SOLAR | Kriam Pharma | SRK TECHTRONICS
Jewel Goldi | The Jewelry Co. | Golden Carat | RAMKRISHNA PURE FINANCE

**નોંધ: સ્નેહી સ્વજન મિત્રોની લાગણી અને પ્રેમ હર હંમેશ અમારી સાથે રહ્યાં છે. આપશ્રીની પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રાર્થના-આશ્વાસન અમારા માટે અમૂલ્ય છે. અલગથી શોક સંદેશ કે શ્રદ્ધાંજલિ પ્રગટ ન કરવા નમ્ર વિનંતી.**